# હાર્દિક પટેલને ૨૦૧૯ ભૂલવું પડશે, ૨૦૨૨ કે ૨૦૨૪ આશાસ્પદ છે

ગાંધીનગર

ગુજરાતના પાટીદાર અનામત આંદોલનના કન્વિનર અને કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલ માટે ૨૦૧૯માં ચૂંટણી લડવાના ગ્રહો નથી પરંતુ તેના માટે ૨૦૨૨ની ગુજરાત




વિધાનસભા અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં રસ્તો સાફ છે. પાર્ટીમાંથી તે આ બન્નેમાંથી કોઈ પણ ચૂંટણી લડી શકે છે. આમ છતાં છેલ્લા પ્રયાસ તરીકે હાર્દિક પટેલે ચૂંટણી લડવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.

હાર્દિક પટેલ સામે ગુજરાત સરકારે વિવિધ કેસોમાં ૨૪ જેટલા ગુના દાખલ કર્યા છે. હવે તે કોંગ્રેસમાં જોડાઈ જતાં ભાજપની સરકારે તેના માટે ચૂંટણી લડવાના દરવાજા બંધ કરી દીધા છે. ગુજરાત હાઈકોર્ટમાં હાર્દિક પટેલે ચૂંટણી લડવા માટે કરેલી અરજીને બે વખત ફગાવી દેવામાં આવી હતી કારણ કે ગુજરાત સરકારે અદાલતમાં સ્ટ્રોંગ દલીલો કરી હતી.

હાર્દિક પટેલે હાઈકોર્ટના નિર્ણય પછી સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે અને કહ્યું છે કે લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની અંતિમ તારીખ ૪થી એપ્રિલ છે ત્યારે મારી અરજીને ઝડપથી સુનાવણી કરવામાં આવે, કે જેથી ચૂંટણીમાં ઉમેદવારી કરી શકાય. હાર્દિક પટેલને નીચલી અદાલત દ્વારા દોષિત જાહેર કરવાના આદેશને સ્થગિત કરવાની માગણી કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે હાર્દિકની સજા પર પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કરી દીધો છે. મહેસાણાના વિસનગરમાં ભીડને ભડકાવવાના મામલામાં હાર્દિકને બે વર્ષની સજા આપવાનો આદેશ થયો હતો પરંતુ કોર્ટે હાર્દિકને જામીન આપેલા છે.

ગુજરાતમાં સીડબલ્યુસીની બેઠક વખતે હાર્દિક પટેલ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીને મળીને કોંગ્રેસમાં જોડાયો હતો. હાર્દિક માટે કોંગ્રેસે મહેસાણા અને જામનગર લોકસભા બેઠક આપવાનું વિચાર્યું હતું પરંતુ અદાલતના સજાના આદેશનો નિકાલ નહીં થતાં હાર્દિક પટેલ લોકસભાની ચૂંટણી લડી શકે તેમ નથી.

સુપ્રીમ કોર્ટમાં જો હાર્દિકની તરફેણમાં ચૂકાદો ન આવ્યો તો તેણે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે ત્રણ અને લોકસભાની ચૂંટણી માટે પાંચ વર્ષની રાહ જોવી પડશે. કોંગ્રેસના સૂત્રો કહે છે કે જો હાર્દિકને લોકસભાની ચૂંટણી લડવાનો મોકો નહીં મળે તો તે ગુજરાતની ૨૬ બેઠકો પર ભાજપ વિરોધી આક્રમક પ્રચાર કરશે. કોંગ્રેસે પણ તેના સ્ટાર પ્રચારકોની યાદીમાં હાર્દિક પટેલનો સમાવેશ કર્યો છે.

# વડાપ્રધાન મોદી ૧૦મીએ વલ્લભ વિદ્યાનગરમાં જાહેર સભા સંબોધશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં આગામી ૧૦મી એપ્રિલના રોજ વડાપ્રધાન અને ભાજપના સ્ટાર પ્રચારક નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે.

ગુજરાતમાં ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયાની આડે હવે ત્રણ દિવસનો સમયગાળો બાકી રહ્યો છે. ત્યારે ભાજપ તરફથી ૩ ઉમેદવારો અને કોંગ્રેસ તરફથી ૧૦ બેઠકો પરના ઉમેદવારોની સત્તાવાર જાહેરાત અટવાયેલી છે.

તો ભાજપે ગુજરાતમાં આક્રમક પ્રચારનો ૧૦મીથી આરંભ થશે. ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૦મીએ નરેન્દ્રભાઈ મોદી વલ્લભવિદ્યાનગર ખાતે જાહેરસભા કરશે. આણંદ લોકસભા બેઠક પર કોંગ્રેસના ભરતસિંહ સોલંકી સામે આક્રમક પ્રચાર અભિયાનનો મોદીની સભાથી પ્રારંભ થશે.

આ પછી ૧૪મી એપ્રિલના રોજ યુ.પી.ના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ આણંદ બેઠક બે સભાઓને સંબોધશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આણંદ બેઠક પર ભાજપે વર્તમાન સાંસદ દિલીપભાઈ પટેલનું પત્તુ કાપી અને મહેશભાઈ પટેલની પસંદગી કરી છે. ભાજપે આ બેઠક પર ૨૦૧૪માં ભરતસિંહ સોલંકીને પરાજય આપ્યો હતો અને ૨૦૧૯માં પણ આ બેઠક જાળવી રાખવા માટે આક્રમક પ્રચાર અભિયાનની રણનીતિ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

પ્રધાનમંત્રી મોદી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ૮ જાહેર સભાઓ સંબોધવાના છે. જેના ભાગરૂપે પ્રથમ જાહેરસભા વિદ્યાનગર ખાતે સંબોધન કરશે કે જ્યાં ભાજપના નવા ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે.



સ્માર્ટ સિટીમાં ગંદકી - સ્વચ્છતા અભિયાન દેશભરમાં સફળતાપૂર્વક ચાલી રહ્યું છે... પરંતુ કોણ જાણે કેમ ગાંધીનગરમાં ગ્રહણ લાગ્યું છે... સ્વચ્છ ગાંધીનગર - સ્વસ્થ ગાંધીનગરના અભિયાનથી લઈ સ્માર્ટી સિટી સુધીના અભિયાનનો પણ ગંદકી એમની એમ જ રહી... ગાંધીનગરની કોલેજ કેમ્પસના દરવાજા પાસે જ પ્લાસ્ટીકનો કચરો ઢગલો થઈને કેટલાય દિવસથી શોભમાં અભિવૃદ્ધિ કરતો એમને એમ પડી રહ્યો છે...

# ગાંધીનગર બેઠક માટે વધુ ૪ ઉમેદવારીપત્રો ભરાયા

**૬૯ ઈચ્છુક ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે : પાટીદારો ૬૦ થી વધુ ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની વ્યુહરચના કરી રહ્યાની વાતોથી વાતાવરણમાં રાજકીય ઉત્તેજના**

ગાંધીનગર, તા. ૧

૬-ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે આજે વધુ ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા આ બેઠક પર આજ સુધીમાં ૬ ઉમેદવારો થયા છે.

આજે ભાજપ તરફથી ડમી ઉમેદવાર તરીકે રાજ્યના પૂર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત રાઈટ ટુ રીકોલ પક્ષ તરફથી રાહુલ ચીમનભાઈ મહેતા, જન-સત્ય-પથ પાર્ટી તરફથી નરેન્દ્રભાઈ આર. રાવલ તથા કિશોર પાંડોર નામના યુવાને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે ઉમેદવારી નોંધાવવાની આડે હવે ત્રણ દિવસ બાકી છે અને હજુ કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારની સત્તાવાર જાહેરાત થઈ નથી ત્યારે આ બેઠક પર કેવો જંગ જામશે તેને લઈ રાજકીય વર્તુળોમાં તરેહ તરેહની ચર્ચાઓ થઈ રહી છે.

જો કે આજે એક એવી ચર્ચા પણ સાંભળવા મળી હતી કે આ

● અનુસંધાન પાન-૭ પર

# વાડીભાઈ પટેલે ભાજપના ડમી ઉમેદવાર તરીકે બે સેટમાં ફોર્મ ભર્યા

**શહેર ભાજપ પ્રમુખ અને જિલ્લા ભાજપ મહામંત્રી વાડીભાઈ સાથે જઈ ન શક્યા**

ગાંધીનગર, તા. ૧

ભાજપના વાડીભાઈ પટેલ આજે ડમી ઉમેદવાર તરીકે શહેર અને જિલ્લા ભાજપના આગેવાનો સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. તેમણે બેલેટમાં જ તેમની ડમી ઉમેદવાર તરીકે ફોર્મ રજુ કર્યા હતા.



જો કે કલેક્ટર ચૂંટણી અધિકારી સમક્ષ માત્ર પાંચ જ વ્યક્તીઓને મંજૂરી આપવામાં આવી હોવાથી શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર(દાસ) પટેલ અને આઈ.બી. વાઘેલા, વાડીભાઈ સાથે અંદર જવા માગતા હતા પરંતુ પાંચ વ્યક્તીઓ જતા રહેતા તેમને બહાર રહેવુ પડ્યું હતું.

પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ, પૂર્વ ગુડા ચેરમેન અશોકભાઈ ભાવસાર, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, રસિકભાઈ પટેલ, કાઉન્સીલરો કાર્તિક પટેલ, નાઝાભાઈ ધાંધર, નીતિનભાઈ પટેલ, મનુભાઈ પટેલ, તાલુકા ભાજપના આઈ.બી. વાઘેલા, તા.પં.ના સદસ્ય દિપક પટેલ, સરઢવના અગ્રણી સુરેશ નાયક, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, એસ.ટી. નિગમના પૂર્વ ડાયરેક્ટર ભગવાનદાસ પંચાલ વિગેરે હાજર રહ્યા હતા. જિલ્લા ભાજપના મહામંત્રી આઈ. બી. વાઘેલા પણ બસ ચુકી ગયા હતા અને કલેક્ટર ઓફિસની અંદર જઈ શક્યા ન હતા. વાડીભાઈ પટેલે પણ ડમી ઉમેદવાર તરીકે બે સેટમાં પોતાના ફોર્મ રજુ કર્યા હતા. જેમાં એક સેટમાં અશોકભાઈ ભાવસારે દરખાસ્ત કરી હતી જ્યારે બીજા સેટમાં કાઉન્સીલર નીતિન પટેલે દરખાસ્ત કરી હતી. વાડીભાઈ પટેલે ઉમેદવાર તરીકેના શપથ લીધા હતા.

# શહેરમાંથી પાણી ગટર વેરા ઝુંબેશ અન્વેય ૧ કરોડ વસુલાયા

**વસુલાત ઝુંબેશ દરમિયાન માત્ર ૪૫ ટકા જ કામગીરી થઇ : બાકીદારો પાસેથી હજુ પણ વેરો વસુલાશે : આગામી દિવસોમાં નોટીસ પણ અપાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરમાં વેરા વસુલાત ઝુંબેશ અન્વયે તા ૩૧ માર્ચ સુધીમાં તંત્ર દ્વારા રૂ ૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. નિયત સમય દરમિયાન ગ્રાહકોને વળતરનો લાભ આપવામાં આવતો હતો જયારે હજુ પણ વેરાની રકમ વસુલવામાં આવશે. વેરા વસુલાત ઝુંબેશના અંતે માત્ર ૪૫ ટકા જ વસુલાત થઈ છે. ફરી એકવાર વસુલાત ઝુંબેશ ક્ષેત્રે તંત્રની કામગીરી નબળી પુરવાર થઈ છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે ગત માર્ચ મહીનામાં તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વસુલાત ઝુંબેશ દરમિયાન વેરો ચુકવાનારા નાગરિકોને વળતરનો પણ લાભ આપવામાં આવ્યો હતો. વર્ષોના અંતે પણ હજુ પાણી ગટર વેરાની ચુકવણી માટે નાગરિકો જાગૃત ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉના વર્ષોના બાકી વેરાનો આંકડો પણ મોટો છે. બાકી વેરાની ઉઘરાણી પણ તંત્રના ચોપડે ઉધાર છે. જયારે વેરા વસુલાત ઝુંબેશ બાદ નોટીસના અંતે પણ અસરકારક પરિણામ મળ્યુ નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો તેમજ બંધ મકાનોના લીધે પણ વેરાની મોટી રકમ બાકી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગત વર્ષ દરમિયાન પણ વેરા વસુલાત ઝુંબેશ અન્વયે નોંધપાત્ર કામગીરી થઈ શકી નથી. જયારે આ વર્ષે પણ એડવાન્સ વેરા વસુલાતની કામગીરી અન્વયે ગત તા ૧ માર્ચના રોજથી વેરા વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરના અંદાજિત ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી રૂ ૨.૫૦ કરોડનો વેરો વસુલવા માટે બે સ્થળે વસુલાતની કામગીરી હાથ ધરાઈ હતી. જેના અંતે તા ૩૧ માર્ચ સુધીમાં તંત્ર દ્વાર અંદાજિત રૂ ૧ કરોડનો વેરો વસુલવામાં આવ્યો છે. જયારે બાકી માંગણા સામે માત્ર ૪૫ ટકા જેટલી જ વસુલાત થઇ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શહેરના નવા સે-૧ થી ૧૩ માં થી ૫૪ લાખનો વેરો વસુલાયો છે.જયારે જુના સે-૧૪ થી ૩૦ માં થી રૂ ૪૪ લાખના વેરાની વસુલાત કરવામાં આવી છે. શહેર તેમજ સમાવિષ્ટ ગામોમાંથી અંદાજિત રૂ ૧ કરોડના વેરાની વસુલાત થઇ છે. અલબત્ત એક મહીનાની ઝુંબેશના અંતે તંત્ર દ્વારા વેરાના માંગણા સામે ૪૫ ટકા જ વસુલાત થઈ શકી છે. જો કે હજુ પણ વેરો વસુલવાનુ અભિયાન ચાલુ છે. પરંતુ હવે ગ્રાહકોને વળતરનો લાભ નહીં મળે. બાકી માંગણાની વસુલાત માટે આગામી દિવસોમાં તંત્ર દ્વારા બાકીદારોને નોટીસ આપવામાં આવશે.

# શાળાઓમાં ૬ઠ્ઠીમેં થી ૩૫ દિવસનુ ઉનાળુ વેકેશન

ગાંધીનગર તા ૧

નગરની શાળાઓમાં આગામી તા ૬ મેં થી ૩૫ દિવસના ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે. જયારે તા ૧૦ જુનના રોજ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. બાર્ડ પરીક્ષાના અંતે પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પણ વેકેશનની વાટે છે. જયારે ૩૫ દિવસના ઉનાળુ વેકેશનને માંણવા ઉત્સુક બન્યા છે.

આકરી ગરમીની શરૂઆત થઈ ગઈ છે. જયારે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ શાળાઓમાં પણ વેકેશન શરૂ થાય તેની વાટ જોવાઈ રહી છે. બોર્ડ સિવાયના અન્ય ધોરણોમાં પણ પરીક્ષાની મોસમ ચાલી રહી છે. જયારે કાળઝાળ ગરમીએ પણ માથુ ઉંચકયુ છે ત્યારે ગરમીના દિવસોમાં આવતા સમર વેકેશનને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં વિશેષ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. પરીક્ષાના અંતે વાલીઓ પણ વિદ્યાર્થીઓ માટે લેટ ધેમ પ્લેના અભિગમને અપનાવવા માટે ઉત્સુક છે. ત્યારે ઉનાળુ વેકેશનને અનુલક્ષી ફરવા જવાના હોટ પ્લેસ માટે પણ બુકીંગ પિરયડ હોટ હોવાનુ ધ્યાને આવ્યુ છે. નગરની શાળાઓમાં આગામી તા ૬ મેં થી વેકેશનનો પ્રારંભ થશે. જયારે ૩૫ દિવસના વેકેશનના અંતે ૧૦ જુનના રોજથી શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ થશે. શાળાઓમાં આગામી તા ૧૫ એપ્રિલ સુધીમાં પરીક્ષા પુર્ણ થઈ જશે. જયારે વિદ્યાર્થીઓ પણ ટુંકમાં વેકેશન એન્જોય કરવામાં લાગી જશે.

# કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષે ૪૪ કાર્યક્રમોનું ભવ્ય આયોજન

**૪ થી ૮ મે દરમિયાન ગ્રીષ્મોત્સવમાં સોનુ નિગમ, કીર્તિદાન ગઢવી અને મનોજ જોશી જેવા સિદ્ધહસ્ત કલાકારો ગાંધીનગર પધારશે**

ગાંધીનગર, તા.૧

સાંસ્કૃતિક અને સાહિત્યિક કાર્યક્રમોના માધ્યમથી સંવેદનશીલ સમાજની રચના અને આવનારી પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ ગાંધીનગરની પ્રતિષ્ઠિત સંસ્થા - ગાંધીનગર કલ્ચરલ ફોરમ ૨૪ વર્ષ પૂરાં કરીને ૨૫મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે રજતજયંતી વર્ષ : ૨૦૧૯-૨૦ દરમિયાન ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા વિવિધ પ્રકારનાં ૪૪ જેટલા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ રજતજયંતી વર્ષની ઉજવણી અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રસિદ્ધ ગાયક સોનુ નિગમ ૮મી મેએ પધારશે

કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત રજત જયંતિ મહોત્સવની ઉજવણી અન્વયે અનેકવિધ રંગારંગ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. પ્રસન્નતાના ૨૫માં વર્ષની ઉજવણી વાસ્તવમાં નગરજનો માટે યાદગાર બની રહે તે માટે સંસ્થા દ્વારા નવતર નાટક, નગરોત્સવ અને ગીત સંગીત તેમજ નાટકના વૈવિધ્યસભર કાર્યક્રમોથી શ્રોતાઓને સાંસ્કૃતિક રસમાં તરબોળ કરવાનુ ઉમદા આયોજન કરાયુ છે. જયારે યુવા દીલોના ચહીતા સુપ્રસિધ્ધ ગાયક સોનુ નિગમ પણ આગામી ગ્રીષ્મોત્સવમાં પોતાના સુર રેલાવશે. સોનુ નિગમના આગમનના સમાચારને અનુલક્ષી નગરના યુવાનોથી માંડી સૌ કલાપ્રેમી શ્રોતાઓની મીટ ગ્રીષ્મોત્સવ તરફ મંડરાઈ છે.

## હુ..છું.. ગાંધીનગર..નગરની તાસિરનો તાદ્રશ્ય ચિતાર રજુ કરતુ નાટક રજુ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંસ્થાની રજત જયંતિ ઉજવણીને અનુલક્ષી વર્ષ દરમિયાન અનેક વિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે કલ્ચરલ ફોરમ દ્વારા પ્રકાશ લાલા લિખિત -દિગ્દર્શીત 'હું.. છું ..ગાંધીનગર' નામે નાટક પણ રજુ કરાશે. આ નાટક તૈયાર કરવા માટે હાલ જાણીતા કલાકાર પ્રકાશ લાલા ખુબ જ મહેનત કરી રહ્યા છે. નગરના ઈતિહાસથી માંડી હાલના જોવાલાયક સ્થળો તેમજ શહેરની આગવી ઓળખ સમાન સ્થળો સહીતની રસપ્રદ માહીતીને પણ આ નાટકના માધ્યમથી રજુ કરાશે. ગાંધીનગરની તાસિરનો તાદ્રશ્ય ચિતાર રજુ કરતા આ નાટકમાં નગરના જ ૧૨૫ જેટલા કલાકારો ભાગ લેશે. નાટકના અનુસંધાનમાં બે વાર રીહર્સલ પણ થશે. નગરમાં સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપતી સંસ્થા કલ્ચરલ ફોરમ આયોજિત આ નાટકની પ્રસ્તુતિ પણ નગરજનો માટે નવુ અને યાદગાર સંભારણુ બની રહેશે.

# આજે કોંગ્રેસના ૧૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર થશે

**રાહુલની હાજરીમાં યોજાનારી બેઠકમાં ધાનાણી, અહેમદ પટેલ, શક્તિસિંહના મુદ્દા ઉપર ચર્ચા : આજે દિલ્હીમાં સ્કીનીંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક**

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાતનો સિલસિલો જારી રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી નામોની જાહેરાત કરવાના મામલામાં કોંગ્રેસ કરતા આગળ છે. કોંગ્રેસે હજુ સુધી ૧૩ ઉમેદવારના નામ જાહેર કર્યા નથી. આ નામ આવતીકાલે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં તેમના માર્ગદર્શન હેઠળ બેઠક બાદ ઉમેદવારના નામ જાહેર કરવામાં આવશે. કોંગ્રેસે હજુ સુધી અપેક્ષા કરતા ઓછા નામ જાહેર કર્યા છે. ગુજરાતમાં લોકસભાની ૨૬ સીટો માટે ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થશે. ૨૩મી મેના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. એકબાજુ ભારતીય જનતા પાર્ટીએ તેના મોટાભાગના ઉમેદવાર જાહેર કરી દીધા છે પરંતુ કોંગ્રેસ હજુ દુવિધાભરી સ્થિતિમાં છે. ઉમેદવારીપત્ર ભરવાનો સિલસિલો જારી રહ્યો છે. આવતીકાલે યોજાનારી બેઠકમાં પરેશ ધાનાણી, અહેમદ પટેલ અને શક્તિસિંહના મુદ્દા ઉપર પણ ચર્ચા વિચારણા કરવામાં આવે તેમ માનવામાં આવે છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના છ વર્તમાન સાંસદો સહિત સાત ઉમેદવારોએ આજે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે પોતાના ઉમેદવારીપત્રો દાખલ કર્યા હતા. ભાજપના કચ્છમાંથી સાંસદ વિનોદ ચાવડાએ મુખ્યમંત્રી રૂપાણીની ઉપસ્થિતિમાં ઉમેદવારી નોંધાવી હતી. બીજી બાજુ કોંગ્રેસ પાર્ટીએ ઉમેદવારોના નામ હજુ સુધી જાહેર નહીં કર્યા હોવાથી ભારે સસ્પેન્સની સ્થિતિ છે પરંતુ આવતીકાલે બાકીના તમામ નામ જાહેર કરી દેવામાં આવે તેમ માનવામાં આવે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ઉમેદવારોના નામોને લઈને કોઈ વાત કરવાની સ્થિતિમાં નથી.

## ચોપડાની કામગીરી માટેનું ટેન્ડર

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ ધામ, સેક્ટર-૨૯, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા ચોપડા ૩૭૦ ડઝન બનાવવા માટે આ કામના જાણકાર પ્રીન્ટીંગ પ્રેસ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો જલારામ મંદિર ખાતેથી તા. ૫/૪/૨૦૧૯ થી ૧૪/૪/૨૦૧૯ સુધી સવારે ૯ થી ૧૨ તથા સાંજે ૪ થી ૯ સુધી મેળવી લેવાના રહેશે. ભાવપત્રકો તા. ૧૫/૪/૨૦૧૯ના સાંજે પાંચ વાગ્યા સુધી મેનેજર, શ્રી જલારામ મંદિર, સે.૨૯ને મોકલી આપવાના રહેશે.

**અશોકભાઈ જે. પોપટ**
મંત્રી
શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com